# ગૃહ વિભાગ માટે બે સિનિયર આઈએએસ વચ્ચે છુપી સ્પર્ધા

**એસીએસ સંગીતાસિંઘ ઓક્ટોબરમાં નિવૃત્ત : ગુજરાતના નવા ચીફ સેક્રેટરી ફાયનાન્સ અથવા તો હોમ ડિપાર્ટમેન્ટના હેડ - એ બન્નેમાંથી કોઇ એક થશે, અનિલ મુકિમ ફેબ્રુઆરી ૨૦૨૧માં વયનિવૃત્ત થશે**

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં સામાન્ય રીતે ચીફ સેક્રેટરીની પસંદગી ફાયનાન્સ અને હોમ ડિપાર્ટમેન્ટના હેડમાંથી કરવામાં આવતી હોય છે તેથી આ બન્ને વિભાગો સિનિયર મોસ્ટ આઈએએસ ઓફિસરો માટે હોટકેક જેવા બની જાય છે. સરકારના વહીવટીતંત્રના આ સર્વોચ્ચ પદ માટે જો ગુજરાત કેડરના કોઈ ઓફિસર ડેપ્યુટેશનથી પરત નહીં આવે તો ગુજરાત સરકારમાં ફરજ બજાવતાં સિનિયર મોસ્ટ એવાં બે ઓફિસરો મજબૂત દાવેદારી કરી શકે છે.




ફાયનાન્સ ડિપાર્ટમેન્ટમાં તો પંકજ જોષી અધિક મુખ્યસચિવ પદે કાર્યરત છે પરંતુ તેમના કરતાં સિનિયર આઈએએસ અધિકારી એવા પંકજકુમાર અને રાજીવકુમાર ગુપ્તાની નજરમાં ગૃહ વિભાગનું સર્વોચ્ચ પદ છે. આ વિભાગમાં હાલ સંગીતાસિંઘ ફરજ બજાવી રહ્યાં છે પરંતુ તેઓ ઓક્ટોબર-૨૦૨૦માં વયનિવૃત્ત થાય છે તેથી આ પદ પર આ બન્ને ઓફિસરો દાવેદાર બન્યાં છે. અલબત્ત રાજ્યના ચીફ સેક્રેટરી અનિલ મુકીમ ગયા ઓગષ્ટ મહિનામાં વયનિવૃત્ત

● અનુસંધાન પાન-૭ પર

# નગરના મુખ્યમાર્ગો પર સોલાર લાઈટ ઝગમગશે

**મુખ્યમાર્ગો પરના ૨૦૦ મીડીયન કટ પર રાત દિવસ લાઇટો જગમગતી રહેશે : ક્રોસ રસ્તા પર થતા અકસ્માતોને નિવારવા આયોજન**

ગાંધીનગર તા ૨૩

શહેરમાં માર્ગ સલામતીને અનુલક્ષી નગરના મુખ્યમાર્ગો પર સ્થિત મીડીયન કટ પર સોલાર લાઈટ જગમગતી જોવા મળશે. નગરના મુખ્યમાર્ગો પરના ૨૦૦ જેટલા આવા પોઈન્ટ પર અંદાજિત ૨૫ લાખના ખર્ચ આ મુજબના સોલાર બ્રિન્કલર્સના લીધે દુરથી આવતા વાહનચાલકો ક્રોસ રસ્તા અંગે સભાન રહેશે. જેથી માર્ગ અકસ્માતોનુ પ્રમાણ પણ ઘટશે. આ સોલાર બ્રિન્કલર્સ રાત દિવસ જગમગતા રહેશે.

શહેરમાં મુખ્યમાર્ગો પર ક્રોસ પોઈન્ટ પર માર્ગ સલામતી જોખમાય છે . અગાઉ નગરના મુખ્યમાર્ગો પર સ્થિત ક્રોસ રસ્તાઓને બંધ કરવા માટે પણ અનેકવાર રજુઆતો થઈ છે. માર્ગ મકાન વિભાગ કક્ષાએ આ અંગે અભ્યાસ કરી જિલ્લા પોલીસ તંત્રના અધિકારીઓ સાથે બેઠક પણ યોજવામાં આવી હતી. શહેરમાં માર્ગ અકસ્માતોનુ પ્રમાણ અટકાવવા તેમજ જાનલેવા અકસ્માતો નિવારવા માટે અત્યાર સુધી કોઈ અસરકાર પગલા લેવાયા નથી. શહેરના ખુલ્લા અને પહોળા માર્ગો પર આડેધડ દોડતા વાહનોમાં ગતિ નિયંત્રણના નિયમો પણ જળવાતા નથી શહેરના મુખ્યમાર્ગો પર બેફામ દોડતા વાહનો ક્રોસ રસ્તા પર અકસ્માતનુ કારણ બને છે. જો કે ટ્રાફિક સિગ્નલ આવ્યા બાદ ગતિ નિયંત્રણના મામલે સુધાર જોવા મળી રહ્યો છે. પરંતુ શહેરમાં માર્ગ સલામતીના પરિબળો જળવાતા ન હોવાના લીધે હજુ માર્ગ અકસ્માતનુ પ્રમાણ ચિંતાજનક છે. શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત ક્રોસ માર્ગો પર અકસ્માત થવાનુ જોખમ સૌથી વધુ છે.

જયારે મુખ્યમાર્ગો પર સ્થિત આવા માર્ગો પર સૌથી વધુ અકસ્માતો પણ થાય છે. આ સ્થિતિને અનુલક્ષીને તંત્ર દ્વારા નગરના મુખ્યમાર્ગો પર સોલાર બ્રિકલર્સ લગાવાનો નિર્ણય લેવાયો છે. આગામી દિવસોમાં જગ્યા પર બ્રિન્કલર્સ લગાવાની કામગીરી શરૂ કરી દેવાશે. આ સોલાર બ્રિન્કલર્સમાં દિવસ રાત લાઈટો લબુક જબુક થતી રહેશે જેથી મુખ્યમાર્ગો પર અવરજવર કરતા વાહનચાલકોને ક્રોસ પોઈન્ટ અંગે સજાગતા રહેશે જેથી વાહનોની ગતિ નિયંત્રણ આવવાની સાથે અકસ્માતને પણ નિવારી શકાશે આ મુજબના સોલાર બ્રિન્કલર્સ નગરના જ માર્ગ પર લગાવાયા છે. જયારે આગામી દિવસોમાં નગરના તમામ પોઈન્ટ પર લગાવાશે. શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત ૨૦૦ જેટલા મીડીયન કટ પર આ સોલાર બ્રિન્કલર્સ લગાવાશે. જેની પાછળ અંદાજિત રૂ ૨૫ લાખનો ખર્ચ કરાશે.

# મધુર ડેરીના ૫૦ વર્ષમાં પ્રથમવાર ડૉ. શંકરસિંહની પેનલ બિનહરિફ

**''મધુર'' એ વિશ્વાસ અને ગુણવત્તાનું પ્રતીક બની ઉભરી આવેલુ બ્રાન્ડ છે : મધુર ડેરી દૈનક ૩.૫૦ લાખ લીટર દૂધનું વેચાણ કરે છે : ઓર્ગેનિક વેજીટેબલ, મધ અને મધુર મિનરલ વોટર પર ખાસ ધ્યાન કેન્દ્રીત કરાશે : ડો. રાણા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની જાણીતી સહકારી સંસ્થા મધુર ડેરીમાં શંકરસિંહ રાણાના નેતૃત્વમાં તેમની પેનલ બિનહરિફ બની છઠ્ઠીવાર સત્તાના સૂત્રો સંભાળશે.

ગાંધીનગર ડેરીમાં સત્તાના સૂત્રો પ્રથમવાર ડૉ. રાણાની પેનલે ૨૦૦૩ના વર્ષમાં સંભાળ્યા હતા. ૫૦ વર્ષ પૂર્ણ કરી રહેલ મધુર ડેરીમાં પહેલીવાર બિનહરિફ આખી પેનલ ચૂંટાયેલી જાહેર થઈ છે અને આગામી દિવસોમાં નવરચિત બોર્ડની મળનારી બેઠકમાં નવા હોદ્દેદારોની વરણી કરાશે.

૨૦૦૩ પહેલાં મધુર ડેરી દ્વારા ૬૩ હજાર લીટર દૂધનું



વેચાણ ગાંધીનગરમાં કરતી હતી. નવા વિઝન સાથે સત્તાના સૂત્રો સંભાળતા જ ડૉ. રાણાના નેતૃત્વમાં ડેરીએ વિકાસની આગવી ઓળખ ઉભી કરી સૌના દિલ જીત્યા છે. એક તબક્કે ૬૦ કરોડનું ટર્ન ઓવર ધરાવતી મધુર ડેરી આજે ૫૨૫ કરોડ કરતાં વધુનું ટર્ન ઓવર ધરાવે છે.

મધુર ડેરી તેની સ્થાપનાના ૫૦મા વર્ષમાં પ્રવેશતાં પહેલાં મધુર એગ્રીમોલની સ્થાપનાનો ગોલ્ડન લક્ષ્યાંક ધરાવે છે એટલુ જ નહિ પણ પાંચ લાખ લીટરની ક્ષમતા ધરાવતો નવી ડેરીનો પ્લાન્ટ પણ શરૂ કરવાનો ગોલ્ડન લક્ષ્યાંક હોવાનું ડૉ. રાણાએ આજે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં તુટેલી ફુટપાથ પર ગાબડા પુરાયા નથી પરંતુ સફાઇ હાથ ધરાઇ

**કોપરિશને ફુટપાથને ફંગોળી નાંખી છે વોક વે પર અસ્તિત્વમાં આવેલા ગાબડા પુરાયા નથી : માર્ગ મકાન વિભાગે નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત ફુટપાથની સફાઇ હાથ ધરી**



ગાંધીનગર તા ૨૩

શહેરમાં કોર્પોરેશને આડેધડ કરેલા ખોદકામ બાદ ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. વરસાદી દિવસોમાં તુટેલી ફુટપાથ વચ્ચે ઘાસ અને બિનજરૂરી વનસ્પિત પણ ઉગી નિકળી છે. ફુટપાથની સફાઈ માટે તંત્રએ કામ શરૂ કરી દીધુ છે. નગરના તમામ આડા ઉભા માર્ગો પર સ્થિત ફુટપાથ પર સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે.

શહેરના માર્ગો આસપાસ સ્થિત ફુટપાથ પર છેલ્લા ઘણાં સમયથી બે ફુટ ઉંચુ ઘાસ ઉગી નિકળ્યુ છે. જેના લીધે ફુટપાથ પર વોકીંગ કરનારાઓ પણ પરેશાન છે. એકબાજુ શહેરની ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. ફુટપાથ પરની ટાઈલ્સો પણ તુટેલી હાલતમાં છે તુટેલી ફુટપાથના લીધે સ્થાનિકો માટે જોખમી સ્થિતિ ઉભી થઈ છે. ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના લીધે પણ ફુટપાથ પર મોટામસ ગાબડા પડયા છે. કેટલાક ઠેકાણે ફુટપાથનુ અસ્તિત્વ જ ભુસાઈ ગયુ છે. આ ઉપરાંત વરસાદી દિવસો દરમિયાન શહેરના વોક વે આસપાસ પણ ઘાસ તેમજ વનસ્પિત ઉગી નિકળી છે. જેના લીધે ફુટપાથ પર હાલ વોકીંગ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૫, ૬ અને ૭માં ચિકનગુનિયાના ૨૭ કેસો

**તંત્રમાં દોડધામ : સે. ૭ માં માસ ફોગીંગ શરૂ : એક જ દિવસમાં સે. ૭ના ૨૨૮ મકાનોમાં ફોગીંગ કરાયુ**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં એક તરફ કોરોનાનો કહેર વરસી રહ્યો છે તો બીજી બાજુ નવા સેક્ટરોમાં ચિકનગુનિયાના કેસો વધતાં તંત્રની ચિંતા બેવડાઈ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૫, ૬ અને ૭ માંથી જ ૨૭ જેટલા કેસ ચિકનગુનિયાના શંકાસ્પદ કેસો મળી આવ્યા છે. આ કેસોમાં કલીનીકલી ચિકનગુનિયાના લક્ષણો જોવા મળ્યા હોવાનો એકરાર તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

શહેરમાં ચિકનગુનિયાના સે. ૭ માંથી ૧૧ કેસ, સે. ૬ માંથી ૮ અને સે. ૫ માંથી પણ ૮ કેસ મળ્યા હોવાનું જાણવા મળેલ છે. સે. ૮ માં પણ છુટા છવાયા કેસો હોવાની લોકજીભે ચર્ચા છે.

શહેરમાં એક તરફ કોરોનાના કેસોની સંખ્યા ૧૨૦૦ની નજીક પહોંચવામાં છે. તો બીજી તરફ જે રીતે ચિકનગુનિયાના કેસો મળી રહ્યા છે તેથી તંત્રએ શહેરમાં સઘન સર્વેલન્સ માટેની કડક સૂચનાઓ જારી કરી છે.

તંત્રએ મળી રહેલા ચિકનગુનિયાના શંકાસ્પદ કેસોને પગલે તમામ તંત્રને એલર્ટ મોડ પર મુકી દીધુ છે. જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રએ તાત્કાલિક એન્ટી લારવેલ અને પોરાનાશક કામગીરી પણ હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૭ માં તંત્રની જુદી જુદી ટીમો દ્વારા ૨૨૮ જેટલા મકાનોમાં ફોગીંગની કામગીરી હાથ ધરી હતી. હજુ આવતીકાલે પણ સે. ૭ માં ફોગીંગની કામગીરી ચાલુ રહેશે.

સે. ૬ અને સે. ૫ માં પણ સર્વેલન્સ સઘન અને ફોગીંગની કામગીરી માટેનો રોડમેપ તંત્ર દ્વારા તૈયાર કરી દેવાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૩માં ૪ સહિત વધુ ૧૮ સંક્રમિત

**શહેરમાં આજે સે. ૩ માં ૪ કેસ, સે. ૨૧ માં ૨ કેસ, સે. ૨૫ માં ૨ કેસ, સે. ૨૬ માં ૨ કેસ, સે. ૭ માં ૨ કેસ, સે. ૨ માં ૨ કેસ ઉપરાંત સે. ૩૦, જીઈબી, સે. ૨૨ તેમજ સે. ૨૪ માંથી પણ કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં આજે સે. ૩ માં ૪ કેસ સહિત નવા ૧૮ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૨૦૦ની નજીક સરકી રહી છે. શહેરમાં આ સાથે કોરોનાના નોંધાયેલા કેસોની સંખ્યા ૧૧૮૭ પર પહોંચી છે.

શહેરમાં વધી રહેલા કેસોની સાથે નવા સેક્ટરોમાં ચિકનગુનિયાના કેસો પણ નોંધાતા તંત્રની ચિંતા વધી છે. શહેરમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તે જોતાં કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યો હોવાની શંકા વધુને વધુ દૃઢ થઈ રહી છે.

શહેરમાં આજે સે. ૩ માં ૪ કેસ, સે. ૨૧ માં ૨ કેસ, સે. ૨૫ માં ૨ કેસ, સે. ૨૬ માં ૨ કેસ, સે. ૭ માં ૨ કેસ, સે. ૨ માં ૨ કેસ ઉપરાંત સે. ૩૦, જીઈબી, સે. ૨૨ તેમજ સે. ૨૪ માંથી પણ કેસો મળી આવ્યા છે.

સેક્ટર-૩૦માંથી એક ૨૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩૦માં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ આ સેક્ટરમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

સે. ૨૧ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં ૩૯ વર્ષીય પુરૂષ જે કમાન્ડો તરીકે સેવારત છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૫ માં રહેતા કોષ્ટગાર્ડના બે જવાનો સંક્રમિત થયા છે. મળતી વિગતો પ્રમાણે ૨૭ વર્ષીય જવાન તેમજ ૨૧ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૨૬ માંથી પણ બે કેસ મળ્યા છે. અરવિંદ મિલમાં નોકરી કરતા ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત પુનામાં ફરજ બજાવતા એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતા તેમને સારવાર માટે કિડની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જીઈબી કોલોનીમાં રહેતા જીઈબી હોસ્પિટલમાં હેલ્પર તરીકે નોકરી કરતી ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૩ માંથી આજે સૌથી વધુ ૪ કેસ મળી આવ્યા છે. જેથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. ખાનગી વેપાર સાથે સંકળાયેલ ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩ માં રહેતા અને જુના સચિવાલયમાં વકીલ તરીકે કામ કરતા ૫૪ વર્ષીય એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩ માંથી ૩જો કેસ ૭૭ વર્ષીય ગૃહીણીનો નોંધાયો છે. આ ગૃહીણીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યારે ૪થો કેસ ૭૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો આવ્યો છે. જેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

તંત્રએ સે. ૩ માં સઘન સર્વેલન્સ માટેની કડક સૂચનાઓ જારી કરી છે.

સે. ૭ માંથી બે કેસ મળી આવ્યા છે. ચરાડામાં શિક્ષક તરીકે નોકરી કરતાં ૫૦ વર્ષીય શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત હોમગાર્ડ તરીકે ફરજો બજાવતા ૫૧ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા છે.

સે. ૨૨ માંથી એક ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૪ માંથી એક ૭૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણ વિસ્તારમાં ૧૭૭૦ દર્દીઓ કોરોનામુક્ત થયા

**ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨૦ કેસ : ગાંધીનગરમાં નવ, કલોલમાં પાંચ, દહેગામમાં ચાર અને માણસામાં બે કેસ**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૨૦ કેસ મળી આવ્યા છે. કોરોનાના વધતા જતા સંક્રમણને ધ્યાને લઈ તંત્રની ચિંતા વધી રહી છે.

જિલ્લાના ગાંધીનગર તાલુકામાં ૯, દહેગામમાં ૪, માણસામાં ૨ અને કલોલમાં ૫ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા ૨૦ કેસમાંથી ૧૦ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામીણ વિસ્તારમાં હોમ આઈસોલેશન હેઠળ ૮૦ જેટલા દર્દીઓ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામેથી ૩૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો કોલવડામાં ખાનગી નોકરી કરતા ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

રૂપાલ ગામેથી ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજ ગામેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં ૫૪ વર્ષીય મહિલા અને ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કોટેશ્વર ગામમાં કોરોનાએ પુનઃ દેખા દીધી છે. આજે ગામમાંથી બે કેસ મળી આવ્યા છે. જેમાં ૪૦ વર્ષીય પુરૂષ અને ૪૪ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

આલનપુર ખાતે આવેલ વાયુ શક્તિનગર ખાતેથી ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામેથી ૨૮ વર્ષીય મહિલા જે સરકારી નોકરી કરે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ અર્બનમાંથી આજે બે કેસ મળ્યા છે તો ગ્રામ્ય વિસ્તારમાંથી પણ બે કેસ મળી કુલ ૪ કેસ મળી આવ્યા છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી એક ૬૨ વર્ષીય પુરૂષ અને ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

દહેગામ તાલુકાના કડજોદરા ગામેથી ૪૫

● અનુસંધાન પાન-૭ પર

# ત્રણ મહિનામાં સરકારે ૬૭ વેન્ટિલેટર ખરીદ્યા

ગાંધીનગર,તા.૨૩

કોરોના મહામારીમાં છેલ્લા ત્રણ મહિનામાં માર્ચ માસમાં રાજ્ય સરકારે ૬૭ વેન્ટીલેટરની ખરીદી કરી હતી. જ્યારે એપ્રિલ અને મેમાં એકપણ વેન્ટિલેટરની ખરીદી કરી નથી. તેવી માહિતી વિધાનસભામાં રાજ્ય સરકારે આપી હતી. રાજ્ય સરકારનો એપ્રિલ માસમાં સરકારનો ૮૬૬ વેન્ટિલેટર દાનમાં મળ્યા છે.

જ્યારે મે મહિનામાં ૨૦૦ વેન્ટીલેટર દાનમાં મળ્યા અને સરકારે માર્ચ માસમાં ખરીદેલા ૬૭ વેન્ટિલેટર અને ૧૦૬૬ દાનમાં મેળવ્યા હતા. આ સાથે કુલ ૧૧૩૩ વેન્ટિલેટરની વ્યવસ્થા કરી છે. કોરોના વોરિયર્સને હલકી ગુણવતાવાળા સેનિટાઈઝર મળ્યા હોવાના પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય સરકારે કબુલાત કરતા જણાવ્યું હતું કે, હલકી ગુણવત્તા યુક્ત સેનીટાઈઝર આપવા બદલ નીરવ હેલ્થકેર કંપની સામે સરકારે કાર્યવાહી કરી છે.

**ફ્લેટ વેચવાનો છે**
3 BHK,
ફુલ્લી ફર્નીશ્ડ,
રિનોવેશન કરાવેલ,
સેક્ટર-૨૧
મો. ૯૯૨૫૨ ૧૦૭૩૨

**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ
20"X30", 18"x23"ની સાઇઝમાં માત્ર રૂા.૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36",
20"x30", 18"x23"ની સાઇઝમાં માત્ર રૂા.૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com